# ઉમ્મી સ્કૂલના વાર્ષિક મેગેઝિન 'ઉમ્મીદ હૈ હમ'નું ફારૂક જી. પટેલ (કે.પી.)ના હસ્તે વિમોચન



**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૬**

લિંબાયત ખાતે આવેલ ઉમ્મી સ્કુલના વાર્ષિક ફંકશન એહેસાસ-એ-તરબિયતની અદભૂત સફળતા પછી વાર્ષિક મેગેઝીન ઉમ્મીદ હૈ હમનું વિમોચન કે.પી. ગ્રુપના ચીફ મેનેજીંગ ડિરેક્ટર ફારૂક પટેલ દ્વારા કે.પી. હાઉસ ખાતે થયું હતું.

આ પ્રસંગે જાણીતા પત્રકાર રાજા શેખ, એંગ્લો ઉર્દુ સ્કુલના ટ્રસ્ટી અહેમદભાઈ સાઈકલવાલા અને અફસરખાન પઠાણ, સામાજિક કાર્યરત હાજી રઈસ શેખ, ઉમ્મી વેલફેર ટ્રસ્ટના પ્રમુખ અફરોજ ખાન, ટ્રસ્ટી અફફાન ખાન અને આચાર્ય મોહમ્મદ હારીસ મન્સુરી પણ ઉપસ્થિત રહ્યા હતા. ફારૂક પટેલે શાળા મેગેઝીન માટે શુભકામના સંદેશ પણ આપ્યો હતો અને મેગેઝીનના વિમોચન બાદ ઉચ્ચ તાલીમ મેળવવા અને સારા નાગરીક અને સારા માનવી બનવા વિગેરે વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. ઉમ્મી શાળા પરિવાર આ તમામ મહેમાનોનો અને ખાસ કરીને ફારૂક પટેલ સરનો હૃદયપૂર્વક આભાર માને છે.